# Virtual Summit between India's Prime Minister Narendra Modi and Denmark's Prime Minister Mette Frederiksen

September 27, 2020

## ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ડેન્માર્કનાં વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિક્સન વચ્ચે વર્ચ્યુઅલ શિખર સંમેલન

સપ્ટેમ્બર 27, 2020

1. 28 સપ્ટેમ્બરનાં રોજ વડાપ્રધાન અને ડેન્માર્કનાં વડાપ્રધાન વચ્ચે એક વર્ચ્યુઅલ દ્વિપક્ષીય શિખર સંમેલન યોજવામાં આવ્યું હતું જે ભારત દ્વારા યોજવામાં આવ્યું હતું.

2. ભારત-ડેન્માર્ક દ્વિપક્ષીય સંબંધો નિયમિત ઉચ્ચ સ્તરનાં આદાન-પ્રદાનો દ્વારા અંકિત થાય છે અને ઐતિહાસિક જોડાણો, સામાન્ય લોકતાંત્રિક પ્રથાઓ અને પ્રાંતિય તેમજ આંતરરાષ્ટ્રિય શાંતિ અને સ્થિરતા માટેની એકસમાન મનોકામનાઓ પર આધારિત છે.

3. ભારત અને ડેન્માર્ક વચ્ચે માલસામાન અને સેવાઓનો દ્વિપક્ષીય વ્યાપાર 2016 માં 2.82 અબજ યુએસ ડોલરથી વધીને 2019 માં 3.68 અબજ યુએસ ડોલર થઈ 30.49% વૃદ્ધિ પામ્યો છે. આશરે 200 ડેનિશ કંપનીઓએ શિપિંગ, રીન્યુએબલ એનર્જી, પર્યાવરણ, કૃષિ, ફૂડ પ્રોસેસિંગ, સ્માર્ટ શહેરી વિકાસ જેવા ક્ષેત્રોમાં ભારતમાં રોકાણ કર્યું છે. કેટલીક મોટી ડેનિશ કંપનીઓએ 'મેક ઇન ઇન્ડિયા' યોજના અંતર્ગત નવી મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીઓનું નિર્માણ કર્યું છે. ડેન્માર્કમાં આઈટી, રીન્યુએબલ એનર્જી અને ઇજનેરી ક્ષેત્રોમાં આશરે 25 ભારતીય કંપનીઓ હાજર છે.

4. આ પ્રસંગે ભારત અને ડેન્માર્ક વચ્ચે બૌદ્ધિક સંપત્તિ સહકારનાં ક્ષેત્રમાં એક સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવી રહ્યા છે. ડેન્માર્ક દ્વારા ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) માં જોડાવું એ એક બીજું મોટું પરિણામ હશે.

5. આ વર્ચ્યુઅલ દ્વિપક્ષીય શિખર સંમેલન બન્ને નેતાઓને બન્ને દેશો વચ્ચે સમયની કસોટી પર પાર ઉતરેલા મૈત્રીપૂર્ણ જોડાણોનાં સંદર્ભમાં દ્વિપક્ષીય સંબંધનાં બૃહદ ફ્રેમવર્કની વ્યાપક સમીક્ષા કરવાની તક આપશે અને પારસ્પરિક હિતનાં મહત્વનાં મુદ્દાઓ પર મજબૂત અને ગહન સંલગ્નતા ભાગીદારી માટે બૃહદ રાજકીય દિશા આપશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 27, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.